# ધોરણ 6 થી 8 ના ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ, સામાજિક કૌશલ્યો અને વ્યક્તિત્વનો અભ્યાસ

# A Study of Spiritual Intelligence, Social skills and Personality of the Students of STD 6 to 8 upper primary Schools

## ૧.૦ પ્રસ્તાવના

શિક્ષણક્ષેત્રે હાથ ધરવામાં આવેલ કોઈપણ સંશોધન કંઈ ને કંઈપ્રદાન તો કરે જ છે અને એક યા બીજી રીતે શિક્ષણ સુધારણામાં પણ ઉપયોગી બને છે તેમજ શિક્ષણક્ષેત્રે સંકળાયેલી તમામ વ્યક્તિઓને વ્યક્તિગત રીતે પણ મદદરૂપે બની શકે છે. અગાઉના પ્રમાણમાં જરૂરી માહિતી તેમજ આંકડાશાસ્ત્રીય ગણતરીઓ કરી માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું. તેના આધારે ફલિત થતાં તારણો ઉપરથી કરવામાં આવેલા સૂચનો અને ભાવિ સંશોધનની દિશાઓનો નિદર્શ પ્રસ્તુત પ્રકરણમાં કરવામાં આવ્યો છે.

## ૧.૧ સમસ્યા કથન

ધોરણ 6 થી 8 ના ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ, સામાજિક કૌશલ્યો અને વ્યક્તિત્વનો અભ્યાસ

A Study of Spiritual Intelligence, Social skills and Personality of the Students of STD 6 to 8 upper primary Schools

## ૧.૨ સંશોધનના હેતુઓ

1. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિનો અભ્યાસ કરવો.
2. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિનો અભ્યાસ જાતિના સંદર્ભમાં કરવો.
3. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિનો અભ્યાસ વિસ્તારના સંદર્ભમાં કરવો.
4. 4.ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિનો અભ્યાસ શાળાના પ્રકારના સંદર્ભમાં કરવો.
5. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિનો અભ્યાસ સામાજિક, આર્થિક સ્થિતિના સંદર્ભમાં કરવો.
6. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિનો અભ્યાસ ધોરણના સંદર્ભમાં કરવો.
7. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિનો અભ્યાસ વ્યક્તિત્વના સંદર્ભમાં કરવો.
8. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિનો અભ્યાસ સામાજિક કૌશલ્યોના સંદર્ભમાં કરવો.
9. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિનો અભ્યાસ શૈક્ષણિક સિદ્ધિના સદર્ભમાં કરવો.
10. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોનો અભ્યાસ કરવો.
11. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોનો અભ્યાસ જાતિના સંદર્ભમાં કરવો.
12. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોનો અભ્યાસ વિસ્તારના સંદર્ભમાં કરવો.

13. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોનો અભ્યાસ શાળાના પ્રકારના સંદર્ભમાં કરવો.
14. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો સામાજિક કૌશલ્યોનો અભ્યાસ સામાજિક, આર્થિક સ્થિતિના સંદર્ભમાં કરવો.
15. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોનો અભ્યાસ ધોરણના સંદર્ભમાં કરવો.
16. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોનો અભ્યાસ વ્યક્તિત્વના સંદર્ભમાં કરવો.
17. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોનો અભ્યાસ આધ્યાત્મિક બુદ્ધિના સંદર્ભમાં કરવો.
18. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોનો અભ્યાસ શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં કરવો.
19. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો અભ્યાસ કરવો.
20. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો અભ્યાસ જાતિના સંદર્ભમાં કરવો.
21. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો અભ્યાસ વિસ્તારના સંદર્ભમાં કરવો.
22. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો અભ્યાસ શાળાના પ્રકારના સંદર્ભમાં કરવો.
23. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો અભ્યાસ સામાજિક, આર્થિક સ્થિતિના સંદર્ભમાં કરવો.
24. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો અભ્યાસ ધોરણના સંદર્ભમાં કરવો.
25. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો અભ્યાસ આધ્યાત્મિક બુદ્ધિના સંદર્ભમાં કરવો.
26. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો અભ્યાસ સામાજિક કૌશલ્યોના સંદર્ભમાં કરવો.
27. ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વનો અભ્યાસ શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં કરવો.

૧.3 ઉત્કલ્પના

$HO_1$ ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓના આધ્યાત્મિક બુદ્ધિ કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_2$ ઉચ્ચ પ્રાથમિક શાળાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના આધ્યાત્મિક બુદ્ધિ કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_3$ ઉચ્ચ પ્રાથમિક શાળાના ભિન્ન પ્રકારની શાળાના વિદ્યાર્થીઓના આધ્યાત્મિક બુદ્ધિ કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_4$ ઉચ્ચ પ્રાથમિક શાળાના ઉચ્ચ સામાજિક-આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓના આધ્યાત્મિક બુદ્ધિ કસોટી પરના સરેરાશ પ્રાપ્તાકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_5$ ધોરણ ૬ અને ૭ ના વિદ્યાર્થીઓના આધ્યાત્મિક બુદ્ધિ કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_6$ ધોરણ ૬ અને ૮ ના વિદ્યાર્થીઓના આધ્યાત્મિક બુદ્ધિ કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_7$ ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓના આધ્યાત્મિક બુદ્ધિ કસોટી પરના સરેરાશ પ્રાપ્તકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_8$ ઉચ્ચ પ્રાથમિક શાળાના અંતર્મુખી વ્યક્તિત્વ તથા બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવતા વિદ્યાર્થીઓના આધ્યાત્મિક બુદ્ધિ કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_9$ ઉચ્ચ પ્રાથમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના આધ્યાત્મિક બુદ્ધિ કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તકાવત નહિ હોય.

$HO_{10}$ ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓના સામાજિક કૌશલ્યોની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{11}$ ઉચ્ચ પ્રાથમિક શાળાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{12}$ ઉચ્ચ પ્રાથમિક શાળાના ભિન્ન પ્રકારની શાળાના વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{13}$ ઉચ્ચ પ્રાથમિક શાળાના સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{14}$ ધોરણ ૬ અને ૭ના ડેટાથીઓના સામાજિક કૌશલ્યોની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{15}$ ધોરણ ૬ અને ૮ના વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{16}$ ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{17}$ ઉચ્ચ પ્રાથમિક શાળાના અંતર્મુખી વ્યક્તિત્વ તથા બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવતા વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{18}$ ઉચ્ચ પ્રાથમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના સામાજિક કૌશલ્યોની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{19}$ ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓના વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{20}$ ઉચ્ચ પ્રાથમિક શાળાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના વ્યક્તિગત સંશોધિની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{21}$ ઉચ્ચ પ્રાથમિક શાળાના ભિન્ન પ્રકારની શાળાના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{22}$ ઉચ્ચ પ્રાથમિક શાળાના ઉચ્ચ સામાજિક-આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{23}$ ધોરણ ૬ અને ૭ના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{24}$ ધોરણ ૬ અને ૮ના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{25}$ ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય

$HO_{26}$ ઉચ્ચ પ્રાથમિક શાળાના અંતર્મુખી વ્યક્તિત્વ તથા બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

$HO_{27}$ ઉચ્ચ પ્રાથમિક શાળાના ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના સરેરાશ પ્રાપ્તકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

## ૧.૪ અભ્યાસની મર્યાદાઓ

1. પ્રસ્તુત સંશોધનમાં ગુજરાતી માધ્યમની શાળાના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
2. પ્રસ્તુત સંશોધનમાં ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.
3. પ્રસ્તુત સંશોધનમાં નિમ્ન પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

## ૧.૫ વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધન સમસ્યાના અભ્યાસ માટે વ્યાપવિશ્વ પસંદગીમાં ગુજરાત રાજ્યની ઉચ્ચ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

## ૧.૬ નિદર્શ

પ્રસ્તુત અભ્યાસ સર્વેક્ષણ પ્રકારનો અભ્યાસ છે. આ અભ્યાસમાં ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થિઓ નિદર્શ તરીકે પસંદ કરેલ છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે યાદચ્છિક નિદર્શ પદ્ધતિથી શાળાઓ પસંદ કરેલ છે. સંશોધકે ધોરણ 6-8 ના વિદ્યાર્થીઓનો નિદર્શ પસંદ કરેલ છે. સંશોધકે ગુજરાત રાજ્યના જિલ્લાઓમાંથી દાહોદ, પોરબંદર, સાબરકાંઠા, નવસારી તથા અમદાવાદ જિલ્લાની પસંદગી કરેલ છે. દરેક જિલ્લામાંથી સરકારી, ખાનગી અને અનુદાનિત એમ 3 પ્રકારની શાળાઓની પસંદગી કરેલ છે.આમ નિદર્શમાં કુલ જિલ્લાદીઠ 100 વિદ્યાર્થીઓની સમાવેશ થયેલ છે. નિદર્શમાં કુલ 750 કુમારો તથા 750 કન્યાઓ એ રીતે કુલ 1500 વિદ્યાર્થીઓનો નિદર્શ પસંદ કરવામાં આવેલ છે.

## ૧.૭ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં વ્યક્તિત્વના લક્ષણોનો સર્વે કરવાનો હોવાથી અભ્યાસમાં સર્વેક્ષણ પદ્ધતિ પસંદ કરેલ છે.

## ૧.૮ સંશોધન ઉપકરણ

1. આધ્યાત્મિક બુદ્ધિ કસોટી (સ્વ-રચિત)
2. સામાજિક કૌશલ્ય સંશોધિની (સ્વ-રચિત)
1. ૩. વ્યક્તિત્વ માપન કસોટી

ઉપરની ૩ સંશોધન સાધનો વિશેની વિગતવાર માહિતી પ્રકરણ ૩ માં આપેલ છે.

૧.૯ માહિતી એકત્રીકરણની યોજના

માહિતી એકત્રીકરણ માટે પૂર્વ તૈયારીની સાથે આયોજન પણ જરૂરી છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ગુજરાત રાજ્યને પાંચ સ્તરમાં વર્ગીકૃત કરીને દરેક સ્તરમાંથી યાદચ્છિક રીતે એક જિલ્લાની પસંદગી કરેલ છે. પસંદ કરેલ જિલ્લાઓમાંથી યાદચ્છિક રીતે શાળાઓની પસંદગી કરી જે તે શાળાના આચાર્યશ્રીની રૂબરૂ મુલાકાત લઈ તેમની સંમતિ મેળવીને ઉચ્ચ પ્રાથમિક વિભાગના શિક્ષકોની રૂબરૂ મુલાકાત કરીને ચોક્કસ સમયગાળાને ધ્યાનમાં રાખીને આધ્યાત્મિક બુદ્ધિ કસોટી,સામાજિક કૌશલ્ય સંશોધિની અને વ્યક્તિત્વ માપન કસોટીની સમજ અને સૂચના આપી તેમની પાસેથી આધ્યાત્મિક બુદ્ધિ કસોટી, સામાજિક કૌશલ્ય સંશોધિની અને વ્યક્તિત્વ કસોટીના ઉત્તરપત્રો ભરાવવામાં આવ્યા હતા. આમ, 750 કુમારો અને 750 કન્યાઓની માહિતી મેળવવામાં આવી છે. કુલ 1500 વિદ્યાર્થીઓને કસોટીઓ આપી તેનું શાસ્ત્રીય રીતે સંચાલન કરવામાં આવ્યું છે.

૧.૧૦ માહિતી પૃથક્કરણની યોજના

પ્રસ્તુત સંશોધનમાં માહિતીનું પૃથ્થકરણ કરવા માટે ઉપકરણ દ્વારા વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા આ ઉપરથી વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ, સામાજિક કૌશલ્ય અને વ્યક્તિત્વના ઘટકો પર જાતિ, વિસ્તાર, શૈક્ષણિક સિદ્ધિ, ધોરણ, શાળા પ્રકાર, સામાજિક-આર્થિક સ્થિતિના સંદર્ભમાં વિદ્યાર્થીઓના પ્રાપ્તાકો વચ્ચેનો તફાવત જાણવા માટે દરેક ઘટકની સરાસરી, પ્રમાણ-વિચલન, સરાસરી તફાવત તથા તે ગુણોત્તર શોધવામાં આવ્યા અને સરાસરી તફાવત સૂચક છે કે નહિ તે નક્કી કરવામાં આવ્યું.

૧.૧૧સંશોધનના તારણો

## વિભાગ -1 આધ્યાત્મિક બુદ્ધિના સંદર્ભમાં તારણો

1. જાતીયતાની દૃષ્ટિએ વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓ આધ્યાત્મિક બુદ્ધિ ઉંચી જોવા મળી હતી.
2. વિસ્તારની દૃષ્ટિએ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક બુદ્ધિ ઉંચી ધરાવતા હતા.
3. શાળાના પ્રકારના સંદર્ભમાં સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ શાળાના અન્ય પ્રકારમાં સૌથી ઊંચી જોવા મળી હતી. જયારે ગ્રાન્ટ ઈન એઈડ શાળામાં કરતા વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના કરતા નીચી હતી.
4. સામાજિક આર્થિક સ્થિતિના સંદર્ભમાં ઉચ્ચ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ એકસમાન હતી.

5. આધ્યાત્મિક બુદ્ધિની દૃષ્ટિએ ધોરણ 7 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં સૌથી ઊંચો આધ્યાત્મિક બુદ્ધિ આંક ધરાવતા હતા. જ્યારે ધોરણ -6માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સૌથી નીચો આધ્યાત્મિક બુદ્ધિ આંક ધરાવતા હતા.
6. આધ્યાત્મિક બુદ્ધિની દૃષ્ટિએ અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતા વિદ્યાર્થીઓની આધ્યાત્મિક બુદ્ધિ બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવતા વિદ્યાર્થીઓની સરખામણીએ ઊંચી હતી.
7. આધ્યાત્મિક બુદ્ધિની દૃષ્ટિએ ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ આધ્યાત્મિક બુદ્ધિની દૃષ્ટિએ એકસમાન હતા.

## વિભાગ - 2 સામાજિક કૌશલ્યના સંદર્ભમાં તારણો

1. જાતીયતાની દૃષ્ટિએ વિદ્યાર્થીઓ કરતા વિદ્યાર્થીનીઓનું સામાજિક કૌશલ્ય ઊંચું જોવા મળ્યું હતુ.
2. વિસ્તારની દૃષ્ટિએ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓનું સામાજિક કૌશલ્ય ઊંચું હતું.
3. એક શાળાના પ્રકારના સદર્ભમાં સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સામાજિક કૌશલ્ય ગ્રાન્ટ ઈન એઈડ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કરતા ઊંચુ અને ખાનગી શાળાના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કરતા નીચું હતું. જયારે ગ્રાન્ટ ઈન એઈડ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સામાજિક કૌશલ્ય ખાનગી શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના કરતાં નીચું હતું.
4. સામાજિક આર્થિક સ્થિતિના સંદર્ભમાં ઉચ્ચ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓનું સામાજિક કૌશલ્ય એકસમાન જોવા મળ્યું હતું.
5. સામાજિક કૌશલ્યમાં સંદર્ભમાં ધોરણ 6માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં સૌથી ઊંચું સામાજિક કૌશલ્ય ધરાવતા હતા જ્યારે ધોરણ -8 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ સૌથી નીચું સામાજિક કૌશલ્ય ધરાવતા હતા.
6. સામાજિક કૌશલ્યના સંદર્ભમાં અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતા વિદ્યાર્થીઓનું સામાજિક કૌશલ્ય બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવતા વિદ્યાર્થીઓની સરખામણીએ ઊંચું હતું.
7. ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓનું સામાજિક કૌશલ્ય એકસમાન હતા.

## વિભાગ - 3 વ્યક્તિત્વના સંદર્ભમાં તારણો

1. જાતીયતાની દૃષ્ટિએ વિદ્યાર્થીઓ કરતા કન્યા વિદ્યાર્થીનીઓ વ્યક્તિત્વ કસોટી સંશોધિની પરના પ્રાપ્તાકો ઊંચા હતા.
2. વિસ્તારની દૃષ્ટિએ વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાકોમાં શહેરી વિસ્તારના વિદ્યાર્થીઓના પ્રાપ્તકો ઊંચા જોવા મળ્યા હતા.
3. શાળામાં પ્રકારના સંદર્ભમાં સરકારી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના પ્રાપ્તાંકો ગ્રાન્ટ ઈન એઈડ અને ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કરતાં નીચા હતા. જયારે

ગ્રાન્ટ ઈન એઈડ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના પ્રાપ્તાંકો અન્ય કોઈપણ પ્રકારની શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કરતા ઊંચા હતા

4. વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના સરેરાશ પ્રાપ્તાંકો ઉચ્ચ અને નિમ્ન સામાજિક-આર્થિક સ્થિતિ ધરાવતા વિદ્યાર્થીઓમાં એકસમાન હતા.
5. વ્યક્તિત્વ સંશોધિની કસોટીના સંદર્ભમાં ધોરણ – 8માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના પ્રાપ્તાંકો સૌથી ઊંચા જોવા મળ્યા હતા. જયારે ધોરણ 7માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના પ્રાપ્તાંકો સૌથી નીચા જોવા મળ્યા હતા.
6. વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના પ્રાપ્તાંકો અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતા વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકો કરતા બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવતા વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકો ઊંચા હતા વ્યક્તિત્વ સંશોધિની કસોટી પરના પ્રાપ્તાંકોમા ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ એકસમાન હતા.